હિંમતનગર : ભાજપ સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રીની કાર્યકર્તાઓને શીખ

બહારના લોકો આપણામાં અંદર અંદર ફુટફાટ ન કરે તેનું ધ્યાન રાખશો : પ્રજા જીવનમાં મુશ્કેલી હોય તો અમારા ધ્યાન ઉપર લાવશો : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ

બાયડ તા.૧૩

હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે નવા વર્ષની કાર્યકર્તાઓની શુભેચ્છા પાઠવી જણાવેલ કે કાર્યકર્તાને કામ કરતા આનંદ રહેવો જોઈએ શહેરના કાંકણોલ સ્વામિનારાયણ મંદિરે યોજાયેલા સંમેલનમાં શરૂઆતમાં જણાવેલ કે ભગવાનના ચરણોમાં કાર્યકર્તાઓ કકડાટ વગર આગળ વધીએ, આ વર્ષ ઈલેક્શનનો વર્ષ છે કોઈ બહારની વ્યક્તિ આપણામાં અંદરોઅંદર કકડાટ ન કરે અને કોઈને તેવા લોકોને આપણી અંદર આવવાની જરૂર નથી, આપણે પ્રજાજનો વચ્ચે કાર્યકર્તા તરીકે કામ કરતા છીએ તેથી સૌની જવાબદારી આપણામાં આવે છે પ્રજા જીવન માં મુશ્કેલી હોય તો અમારા ધ્યાન ઉપર લાવશો અને અમારી ટીમ ચોક્કસ તેનું નિરાકરણ લાવીશું બધાનો મૂળ ચેન્જ કરવા માટે આનંદમાં રહેવા માટે નિરામય ગુજરાત દ્વારા તમારા બધાની ચિંતા સરકારે કરી છે નાનામાં નાની બીમારી ના આવે બીમારીનું સારવાર અને સ્કેનિંગ થાય તે માટે આપણે આ યોજના લાવ્યા છીએ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વધુમાં જણાવેલ કે કાર્યકર્તા સાચું ખોટું કામ લઈને આવે તો તેની જવાબદારી અમારી છે અમારે પણ તેમનું ધ્યાન રાખવું પડે અમારે પણ તેમનુ સાચુ કામ કરવુ પડે, આપણે કુટુંબ ભાવનાથી કામ કરવાવાળા કાર્યકર્તા છીએ આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ ના નેતૃત્વમાં દેશમાં આઝાદી ના અમૃત મહોત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે દેશમાં અને આપણા ગુજરાતને વધુ આગળ લઈ જવાનો આપણો સંકલ્પ છે આપણે નવા વર્ષમાં ભારતીય જનતા પાર્ટી જ્યાં છે ત્યાંથી એક સંકલ્પ લઈએ જેમકે આજે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ, જે.પી.નડ્ડાજી, અમિતભાઈ શાહ સહિત સમગ્ર કેન્દ્રમાં અને રાજ્યમાં સંગઠનના આગેવાનો જે રીતે રાત-દિવસ કામ કરી રહ્યા છીએ સાથે સાથે નરેન્દ્રભાઈ ૧૩૦ કરોડ દેશવાસીઓ માટે નાની નાની વસ્તુઓ અને શરુ કરી જેમ કે સ્વચ્છતા અભિયાન, ઘરનું ઘર, ટોયલેટ અપાવ્યા, ઘરે ઘરે ગેસ, લાઈટ તેમજ આઝાદીના અમૃત મહોત્સવ માં આર્ત્મનિભર માટે જે કામો કરવાના છે અને જે કામોમાં માળખાકીય સુવિધાઓ બાકી હોય તે અમારી સામે લાવજો, મુખ્યમંત્રીશ્રીએ કાર્યકર્તાઓને અપીલ કરી હતી કે જે કોઈ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ છે તે લોકોને તેનો લાભ અપાવવો જેમ કે વિધવા પેન્શન હોય કે આયુષ્યમાન કાર્ડ હોય અંતમાં તેમણે જણાવેલ કે આપણામાં કોઈ રુકાવટ ન કરે તેનું ધ્યાન રાખજો,

પ્રભારીમંત્રી કુબેરભાઈ ડીંડોર એ જણાવેલ કે, હું તલોદમાં ભણાવતો હતો ત્યારે મારા સાથી ગજેન્દ્રસિંહ મારા શિષ્ય હતા અમે બંને આજે ચૌદમી વિધાનસભા માં પહેલી વાર ચૂંટાયા અને બંને મુખ્યમંત્રી સાહેબ ભુપેન્દ્રભાઈ પટેલ ના પ્રધાનમંડળમાં છીએ નવા વર્ષમાં સુખ-સમૃદ્ધિ આવે પરંતુ આપણા મુખ્યમંત્રીશ્રી વિઝન ગુજરાતનો નાગરિક નિરોગી જીવન પ્રાપ્ત થાય, નવા વર્ષના સંકલ્પો સાથે આગળ વધીએ, આદરણીય નરેન્દ્રભાઈ ના નેતૃત્વમાં આઝાદીના ૭૫મા વર્ષમાં આપણે કોઈને કોઈ એક સંકલ્પ સાથે આગળ વધીએ નવા વિચાર - નવા કાર્યો સાથે જનકલ્યાણ ના કામો કરી રહ્યા છીએ. ગાંધીજી કહેતા હતા જનસેવા એ જ પ્રભુસેવા આપણે સત્કર્મ કરીએ બુરાઈની બાદબાકી કરીએ. મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે નવા વર્ષની કાર્યકર્તાઓને શુભેચ્છા પાઠવી જણાવેલ કે, આપણું મૂળ લક્ષ નાના માં નાના કાર્યકર્તા ને તકલીફ ન પડે, કેન્દ્ર અને રાજ્યની યોજનાઓ બુથ સુધી લઈ જઈએ તેમ જણાવે.

જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલે જણાવેલ કે કોરોના કાળ પછી સૌના પરિશ્રમથી ત્રીજા વેવમાંથી પણ સારી રીતે બહાર નીકળી શક્યા છીએ. ઉસ કોને મે દીપ જલાયે અભીભી અંધેરા હૈ. ભાજપની સરકારે ખૂબ સેવા કરી છે ક્યાંક છેવાડા ના માનવીની ખુટતી સમાજ કલ્યાણ અને લોકકલ્યાણ ના કામો આપણે પૂરા કરીએ, પાર્ટીનો કાર્યકર્તા આપણી શક્તિ છે. જૂના ર્ફયકર્તા આપણી મૂળી છે તેમના માર્ગદર્શન થી નવી પેઢી ને આગળ વધારી નવા વર્ષ માં ઉમંગ પૂર્વક અને ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરી આપણી પેજ કમિટી થકી ગુજરાત માં ૧૮૨ સીટનો લક્ષાંક પૂરો થાય અને નરેન્દ્રભાઈ ના સંકલ્પને સાકાર કરવા કટીબધ્ધ થઈએ, જીલ્લા સંગઠન પ્રભારી રેખાબેન ચૌધરીએ જણાવેલ કે, પાછલા વર્ષો કરતા પાછલું વર્ષ કેવું ગયું તે મહત્વનું છે. નવું વર્ષ નિરામય રહે જે આપણી સીધ્ધી છે. આવનારા સમયમાં પ્રજા વચ્ચે રહી નવા વર્ષ સંકલ્પો સાથે આગળ વધીયે આપણા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈએ નવુ નજરાણું એ પણ નિરામય યોજનાનું નાના મોટા રોગો શરીરમાં પ્રવેશી રહ્યા હોય તો સ્કેનીંગ કરી આપણું આરોગ્યને સાચવવાનું છે. સરકાર અને સંગઠન દ્વારા જે કાર્યક્રમો મળે તેમાં કામ કરવાનું છે. આ પ્રસંગે પૂર્વ મંત્રી રમણલાલ વોરા, સાંસદ રમીલાબેન બારા, સાંસદ દીપસિંહ રાઠોડે પણ કાર્યકર્તાઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી પ્રાસંગીક પ્રવચન કરેલ. જયારે સંગઠન તેમજ ચુંટાયેલા તમામ અગ્રણીઓએ આવેલ મહેમાનોનું સ્વાગત કરેલ. જીલ્લા ભાજપ સંગઠન દ્વારા મુખ્યમંત્રીનું સન્માન-સ્વાગત કરાયું હતું. જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુંવરબા પરમાર, સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, રેખાબેન ચૌધરી, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, કનુભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રહેવર જોડાયા હતા. ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ મુખ્યમંત્રીશ્રીને કળશ, શાલ તેમજ તલવારની ભેટ આપી સ્વાગત કર્યુ હતુ. સહકારી અગ્રણીઓ સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ, જમીન વિકાસ બેંકના વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલે પણ મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કર્યુ હતુ. જીલ્લા સાંસદ રમીલાબેન બારા, દીપસિંહ રાઠોડે પણ મુખ્યમંત્રીનું સ્વાગત કર્યુ હતુ. તેમજ જીલ્લા પંચાયતના પ્રમુખ ધીરૂભાઈ પટેલ તથા તેમની ટીમ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરાયુ હતું. આ પ્રસંગે જીલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ, ખજાનચી જયેશભાઈ શાહ, યતીનબેન મોદી, નિલાબેન પટેલ, કમલેશભાઈ બારોટ, રાહુલ પટેલ વગેરે પણ સ્વાગતમાં જોડાયા હતા. કાર્યક્રમમાં યુવા મોરર્ચાના પ્રદેશ અધ્યક્ષ પ્રશાંતકાંટ, જીલ્લા પંચાયતના પ્રમુખ ધીરૂભાઈ પટેલ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, વી.ડી.ઝાલા, સોશ્યલ મીડીયાના કન્વીનર સિધ્ધાર્થભાઈ પટેલ, પૃથ્વીરાજભાઈ પટેલ વગેરે આમંત્રીતમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ શહેરના જયંતીભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, કૌશીકભાઈ પટેલ અને સહયોગ કૃષ્ટ યજ્ઞ ટ્રસ્ટના સંચાલકનું સન્માન કર્યુ હતુ. કાર્યક્રમમાં આવતા પહેલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઉમીયા માતાજી મંદીર તેમજ સ્વામીનારાયણ મંદીરમાં દર્શન કરી સંતના આર્શીવાદ મેળવ્યા હતા. જેમાં મંદીરના ટ્રસ્ટીગણે પણ મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત સન્માન કર્યુ હતુ.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તહેવારો બાદ બટાકાનું વાવેતર વેગવંતુ

મેશ્વો તેમજ સુજલામ કેનાલમાંથી પાણી છોડાતાં રવી વાવેતરનો ધમધમાટ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તહેવારો બાદ રવી ખેતી માટે અનુકુળ ઠંડીનો માહોલ જામ્યો છે. બટાકાની ખેતી માટે ખેતરો સજ્જ થયા પછી તહેવારોની પૂર્ણાહૂતિ થતાં વાવેતર વેગવંતુ બન્યું છે. જ્યારે મેશ્વો તેમજ સુજલામ કેનાલમાંથી પાણી

છોડવામાં આવતાં રવી ખેતીનો વાવેતર વિસ્તાર વધવા લાગ્યો છે. આ વર્ષે ખેડૂતોએ શિયાળુ ખેતીમાં બટાકાની ખેતી ઉપર વધુ મદાર રાખ્યો હોય તેવા દ્રશ્યો સીમાડાઓમાં જોવા મળી રહ્યા છે.

ખેતમજૂરોની અને ખાતરની અછતથી ધરતીપુત્રો પરેશાન બની ગયા છે. નવરાત્રિના તહેવાર પછી મોટાભાગના ખેડૂતોએ પાક લણની કરી શિયાળુ ખેતી માટે ખેતરી સજ્જ કર્યા પરંતુ મોટાભાગના ખેતમજૂરો દિપાવલીના તહેવારોની ઉજવણી માટે વતનમાં રવાના થતાં રવી વાવેતર ઉપર બ્રેક આવી. હવે તહેવારો સંપન્ન થતાં અરવલ્લી, સાબરકાંઠા જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડા, વડાલી, ખેડબ્ર હ્મા, હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ તાલુકામાં ખેડૂતોએ રવી વાવેતરનો ધમધમાટ શરૂ કરતાં ખેડૂતો અને ખેતમજૂરોની હાજરીથી સીમાડા ધમ ધમવા લાગ્યા છે. જિલ્લામાં રવી સીઝનમાં બટાકાના સારા ઉત્પાદન સાથે ભાવ વધુ મળવાની આશાએ ખેડૂતોએ ઉચ્ચ ગુણવત્તાનું બટાકાનું બિયાર ણ લાવી ખેતરોમાં વાવેતર શરુ કર્યું છે. જ્યારે જિલ્લાના મેશ્વો સહિતના જળાશયોમાંથી તબક્કાવાર રીતે કેનાલો મારફતે સિંચાઈનું પાણી છોડવામાં આવતાં મોટાભાગના વિસ્તારોમાં બટાકાના વાવેતરનો ધમધમાટ શરૂ થયો છે. સીઝનની શરુઆતમાં અનૂકુળ ઠંડી રહેતાં ખેડૂતોએ રવી વાવેતર શરુ કર્યું છે અને આગામી સમયમાં પણ ખેતી માટે માહોલ અનુકુળ રહો તો આ વર્ષે પણ બટાકાનું બમ્પર ઉત્પાદન થવાની ધારણા ખેડૂતો વ્યક્ત કરી ર હ્યા છે.

પશુ તસ્કરો ફરી બેખોફ

દેત્રોલીમાં માલધારીના વાડામાંથી ૩૦ ઘેટાંની ચોરી કરી પશુ તસ્કરો ફરાર

માલધારીને રૂા. ૯૦ હજારનો ફટકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

પશુ તસ્કરીના વધતા બનાવો વચ્ચે ઈડર તાલુકાના દેત્રોલીની સીમમાં ત્રાટકેલા પશુ તસ્કર ગેં ચરમાં બનાવેલા માલધારીના વાડામાંથી

રુ ૯૦ હજારની કિંમતનાં ૩૦ ઘેટાં ચોરી ફરાર થઈ જતાં ચ કચાર મચી છે. બનાવ અંગે ઈડર પોલીસે પશુ તસ્કરીનો ગુનો નોંધ્યો છે. જિલ્લામાં પશુતસ્કરોનો આતંક કાયમી બની ગયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રિના સમયે ત્રાટ કતા પશુ તસ્કરો વાહનોમાં ખેડૂતો તેમજ પશુપાલકોના દૂધાળા પશુઓ ઉઠાવી ફરાર થઈ જતા હોય છે. તાલુકાના દેત્રોલી ગામના માલધારી કરસનભાઈ અમરાજી રબારી અને તેમના પરિવારે ગામની સીમમાં આવેલી ગૌચરની જમીનમાં પડાવ નાખ્યો છે જેમાં ઘેટાં-બકરાં માટે તૈયાર કરવામાં આવેલા વાડામાં રાત્રિના સમયે પશુ તસ્કરો ત્રાટક્યા હતા. માલધારી પરિવાર માંડી રાત્રે મીઠી નિંદ્રામાં ગરકાં વ હતો તે સમયે પશુ તસ્કરી વાડીમાંથી ૩૦ ઘેટાં ઉઠાવી ફરાર થઈ ગયા હતા. સવારે વાડામાં ઘેટાંની સંખ્યા ઓછી જણાતાં માલધારી પરિવાર ચોકી ગયો હતો. મોડી રાત્રે વાહન લઈને આવેલી પશુ તસ કર ટોળકી રુ ૯૦ હજારની કિંમતનાં ઘેટાં ઉઠાવી ગઈ હોવાનું જણાઈ આવતાં પોલીસને જાણ કરવામાં આવી છે.

પાલબાવળીયામાં જમીનના ઝઘડામાં ટોળાનો હુમલો

સગા ભાઈઓ વચ્ચે ધિંગાણું થતાં ૩ ઘાયલ, રાયોટનો ગુનો નોંધાયો

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૪

ભિલોડા તાલુકાના પાલબાવળીયા ગામે ગામેતી પરિવારના બે ભાઈઓ વચ્ચે જમીન મુદે થયેલા ધિંગાણામાં લાકડીઓ તેમજ લોખંડના સળીયાથી હુમલો કરવામાં આવતાં ૩ જાને ઈજા થઈ હતી, જમીન મુદે ૨ પરિવારી વચ્ચે થયેલા વિંગાણામાં ટોળાએ હલ્લાબોલ કરતો ઉનોજ ના વ્યાપી હતી. બનાવ અંગે ભિલોડા પોલીસે રાયોટનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના પાલબાવળીયા ગામના ભાઈ ભાઈ ગામેતી અને તેમના ભાઈ દેવજીભાઈ સ રૂભાઈ ગામેતી વચ્ચે છેલ્લા કેટલાક સમયથી જમીન મુદે વિખવાદ ચાલી રહ્યો છે. દરમ્યાન તા.૧૨ ના રોજ સવારે જમીન મુદે બંને પક્ષો ઝઘડો થ યો હતો જેમાં દેવજીભાઈ ગામેતી અને તેમના પરિવારના સભ્યોના ટોળાએ હથિયાર ધારણ કરી કનુભાઈ ગામેતીના પત્નિને ઘર આગળ આવ ૧ કહેલ કે તમારી કોઈ અહીં જમીન નથી કે કોઈ મિલકત નથી, તમો અહીંથી નિકળી જાઓ, તેમ કહેતો મામલો તંગ બન્યો હતો, બંન્ને પક્ષો વાતાવરણ વધુ ઉશ્કેરાટ ભર્યું બન્યું હતું જેમાં લાકડીઓ તેમજ લોખંડના સળીયા, ચપ્પાથી હુમલો કરવામાં આવતાં હલચલ મચી હતી. સગા ભાઈ ના પરિવારો વચ્ચે મચેલા જંગલમાં આશાબેન ગામેતી, દર્શિતાબેન ગામેતી અને બબુબેન ગામેતીને ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બનાવ અંગે કનુભાઈ ગામેતીની ફરિયાદના આધારે ભિલોડા પોલીસે આરોપીઓ વિરુદ્ધ રાયોટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આરોપી...

દેવજીભાઈ ભાઈ ગામેતી
આકાબેન દેવજીભાઈ ગામેતી
જીતેન્દ્રભાઈ દેવજીભાઈ ગામેતી
મુકેશ દેવજીભાઈ ગામેતી
(રહે.પાલબાવળીયા, તા.ભિલોડા)
દેવજીભાઈ કુભાઈ ગામેતીની દિકરી ચંદ્રીકા
દેવજીભાઈ ગામેતીનો જમાઈ
(રહે.ચામઠણ, તા.વિજયનગર)

વાહ રે...વાહ...!!

બાયડમાં દારૂના અડ્ડા ઉપર જનતા રેડનું એલાન કરનારા આગેવાને બુટલેગરના ઘર આગળ શુભકામનાનું બેનર ચીપકાવ્યું

પોતાને જ ટીકીટ મળશે તેવા આડંબરમાં રાચતા નેતાથી આગેવાનોમાં ઉગ્ર રોષ : કમલમ્ સુધી વિગતો પહોંચી

બાયડ, તા. ૧૨

બાયડ તાલુકામાં ધમધમતા દારૂના અડ્ડાના કારણે બક્ષીપંચ સમાજની અનેક મહીલાઓ ભર યુવાનીમાં વિધવા બની છે. દારૂના અડ્ડા બંધ નહી કરાય તો જનતા રેડ કરી પ્રજાના દિલમાં વસેલા નેતાએ હવે પોતાનો ચૂંટણી પથ બદલ્યો છે. અને બુટલેગરના ઘર આગળ જ પોતાનું શુભેચ્છા પાઠવતું બેનર ચીપકાવતાં આ બાબત છેલ્લા ૧૦ દિવસથી બાયડ તાલુકામાં ટોક ઓફ ધ ટાઉન બની છે. જ્યારે વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં પોતાને જ ટીકીટ મળશે તેવા આડંબરમાં રાચતા નેતાથી ભાજપાના આગેવાન નેતાઓમાં રોષ વ્યાપ્યો છે અને ગાંધીનગર કમલમ્ સુધી રજૂઆતોનો શરૂ થયો છે.

આગામી વર્ષ ૨૦૨૨માં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. અરવલ્લી જિલ્લાની ૩ વિધાનસભા બેઠકો ભાજપામાં ચાલતી યાદવાસ્થળીના કારણે કોંગ્રેસની જોલીમાં રહી છે અને હજુ ચૂંટણીને ૧ વર્ષની વાર છે ત્યારે બાયડ તાલુકામાં ચૂંટણી માટે કેટલાક આગેવાનોએ ઘૂઘરા બાંધી દોડાદોડ શરૂ કરી છે. કેટલાક નેતાઓ (પોતાના જાતને નેતા ગણી લીધા છે)ને પોતાના ગામમાં પણ કોઈ ભાવ આપતું નથી અને બાયડના ધારાસભ્ય જોવાના સ્વપ્નો જોઈ રહ્યા છે. આ બધા વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ભાજપામાં પોતાનું પ્રભુત્વ દેખાવડા એક આગેવાને ભાજપાના કાર્યક્રમ હોય તેની સમાંતરે કાર્યક્રમ યોજવાની શરઆત કરતાં ભાજપામાં તેની ચર્ચા શરૂ થઈ છે અને એક સમયે દારૂના અડ્ડાઓ ઉપર જનતા રેડનું એલાન કરનાર મહાશયે ૩-૪ વર્ષમાં બધુ ભુલી જઈ બુટલેગરના ઘર આગળ પોતાનું બેનર ચીપકાવતાં જાગૃત લોકો અચરજ પામી રહ્યા છે. ભાજપાની ગાઈડલાઈનની હદ બહાર જઈ પોતાનો આગવો પ્રચાર કરતા આગેવાન કયા ખીલાના જોર ઉપર ઉંચાઈ સર કરવા નિકળ્યા છે તેની છાનભીન શરૂ થઈ છે. જ્યારે બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં કોંગ્રેસના અનેક આગેવાનો ભાજપામાં જોડાયા પછી તેમને જ મોટેભાગે ભાજપામાં કબજો મેળવ્યો હોય તેવુ ચિત્ર જોવા મળે છે. કેટલીકવાર તો વગર નિમંત્રણે પણ પહોંચી જતા હોવાની કાર્યકરોમાં કાનાફૂસી શરૂ થઈ છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં મતદારયાદી સુધારણા અભિયાન

નવા ૬૦૦૦ મતદારો ઉમેરાય તેવી સંભાવના : યુવા મતદારો ઉપર મુખ્ય રાજકીય પક્ષોની નજર

બાયડ, તા. ૧૪

જિલ્લાની ૪૯૮ ગ્રામ પંચાયતો માટે સામાન્ય ચૂંટણી યોજવા તંત્ર સજ્જ બન્યુ છે તે પૂર્વે સાબરકાંઠા-અરવલ્લીમાં તા. ૧૪ નવેમ્બરથી ૭ વિધાનસભા બેઠકના તમામ મતદાન મથકો ઉપર મતદારયાદી સુધારણા અભિયાન શરૂ થયું. નવા ૬૦૦૦ મતદારો ઉમેરાય તેવી સંભાવના છે. મુખ્ય રાજકીય પક્ષોની યુવા મતદારો ઉપર નજર છે અને યુવા મતદારો કોના તરફી લગાવ ધરાવે છે તે આગામી ચૂંટણીઓના પરીણામ પછી જાહેર થઈ શકે છે.

ચૂંટણી આયોગ લાયકાત ધરાવતા લોકો મતાધિકારના લાભથી વંચિત ન રહે તે માટે દર વર્ષે મતદારયાદી સુધારણા

અભિયાન હાથ ધરે છે છતાં અનેક લોકો પાસે મતદાર કાર્ડ નથી. મતદારકાર્ડ ન હોય તેવા લોકો માટે સરકાર દ્વારા સરકારી યોજનાઓનો લાભ બંધ કરવો જોઈએ તેવા આક્રોશ પણ જોવા મળે છે. મતદાન ફરજીયાત કરવાના કાયદાના અમલમાં પણ વારંવાર વિટંબણા જોવા મળે છે ત્યારે તા. ૧૪ નવેમ્બરથી સાબરકાંઠા-અરવલ્લીના ૧૪ તાલુકાઓમાં મતદારયાદી સુધારણા અભિયાન શરૂ થયુ. નવેમ્બર મહીનાના આગામી ૪ રવિવાર સુધી મતદારયાદી સુધારણા ઝુંબેશ નેશનલ વોટર્સ સર્વિસ પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરી શકાશે. તા. ૧-૧-૨૦૨૨ની સ્થિતિએ ૧૮ વર્ષ પુરા કરનારા લોકોને મતાધિકાર મળશે તેથી અનેક યુવાઓ મતદારકાર્ડ માટે ઉત્સાહીત જણાઈ રહ્યા છે.